રાજ્યમાં કોરોનાના નવા ૧૨ કેસ : ૧૭ દર્દીઓ રિકવર થયા

ગાંધીનગર, તા.૨૫

ગુજરાતમાં કોરોનાના આંકડા કાબુમાં છે. રાજ્યમાં આજે કોરોનાના નવા ૧૨ કેસ નોંધાયા હતા. તો બીજી તરફ ૧૭ દર્દીઓ સાજા પણ થયા હતા. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૩,૨૨૧ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે ગુજરાતનો કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૯.૧૦ ટકા સુધી પહોંચી ચુક્યો છે.

આ ઉપરાંત રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. આજે રાજ્યમાં કોરોનાની કુલ ૮૫,૭૩૩ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા.

બીજી તરફ હાલ કોરોનાના ૯૩ કેસ એક્ટિવ છે. જો કે રાહતના સમાચાર છે કે, એક પણ નાગરિક વેન્ટીલેટર પર નથી. ૯૩ નાગરિકો સ્ટેબલ છે. ૧૨,૧૩,૨૨૧ નાગરિકો ડીસ્ચાર્જ થઇ ચુક્યાં છે. આ ઉપરાંત અત્યાર સુધીમાં કોરોનાને કારણે ૧૦,૯૪૩ નાગરિકોનાં કોરોનાને કારણે મોત થઇ ચુક્યાં છે. જો કે રાહતના સમાચાર છે કે, આજે એક પણ નાગરિકનું મોત નથી થયું. અમદાવાદ કોર્પોરેશનમાં સૌથી વધુ ૯ કેસ, વડોદરા કોર્પોરેશનમાં ૨, બનાસકાંઠા ૧ એમ કુલ ૧૨ કેસ નોંધાયા છે.

બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં ૧૮ વર્ષથી વધારેની ઉંમરના ૧૦૩૩ નાગરિકોને રસીનો પ્રથમ અને ૧૦૮૪૪ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૧૫-૧૭ વર્ષના નાગરિકો પૈકી ૨૯૬ ને રસીનો પ્રથમ અને ૨૬૨૧ નાગરિકોને રસીનોબીજો ડોઝ અપાયો હતો. ૯૫૬૯ ને પ્રીકોર્શન ડોઝ અપાયા હતા.

ટ્રાફિક સિગ્નલને કારણે અકસ્માત થવાની ભીતિ

ગાંધીનગર હવે સ્માર્ટ સિટી બની રહ્યું છે તે સાથે એક સમયે જ્યાં ગીચ ટ્રાફિક વગરના પહોળા માર્ગો જેની ઓળખ હતા તે પાટનગરમાં હવે નાના સર્કલો પર પણ ટ્રાફિક સિગ્નલ મુકવા પડે તેવી સ્થિતિ જોવા મળી રહી છે. તાજેતરમાં ગાંધીનગરના સેક્ટર -૨૧ અને અક્ષરધામને જોડતાં નમસ્કાર સર્કલ પર નવા ટ્રાફિક સિગ્નલ મૂકવામાં આવ્યાં છે પરંતુ આ ટ્રાફિક સિગ્નલમાં એક સાથે બે દિશામાં ગ્રીન સિગ્નલ બતાવે છે જેને કારણે બન્ને દિશામાંથી વાહનો પુરપાટ ઝડપે આગળ વધે છે. સિગ્નલમાં ભૂલને કારણે અકસ્માતનો ભય રહે છે. ટ્રાફિક સિગ્નલ અકસ્માત રોકવા મૂકવામાં આવ્યા છે પરંતુ હવે લાગે છે કે જો સત્વરે આ ભુલ સુધારવામાં નહીં આવે તો ટ્રાફિક સિગ્નલના કારણે જ અકસ્માત થાય તેવી સ્થિતિ સર્જાઇ રહી છે. અત્રે ફોટો પ્રતિકાત્મક છે.

વેટરન્સ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં ખેડાએ બનાસકાંઠાને પરાસ્ત કર્યુ

ગાંધીનગર, તા.૨૫

શહેરના સેક્ટર-૮ ખાતે ગાંધીનગર સ્પોર્ટ્સ એકેડમીના ગ્રાઉન્ડ પર ઇન્ટર ડિસ્ટ્રિક્ટ વેટરન્સ ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૨૨ની ખેડા અને બનાસકાંઠા જિલ્લાની વેટરન્સ ટીમો વચ્ચે રમાયેલી ટી-૨૦ લીગ મેચમાં ખેડાનો ૮૦ રને વિજય થયો હતો. આ મેચમાં ખેડા વેટરન્સ ટીમે પહેલાં બેટીંગ કરતાં કૃણાલ પટેલની અર્ધ સદી સાથે ૨૦ ઓવરમાં ૩ વિકેટે ૨૦૭ રન ખડક્યાં હતા જેના જવાબમાં બનાસકાંઠા વેટરન્સ ટીમ ૧૭.૪ ઓવરમાં માત્ર ૧૨૭ રને તંબુભેગી થઇ ગઇ હતી. મેચના અંતે ઓલરાઉન્ડ પ્રદર્શન બદલ ખેડાના વિશ્વજીત સોલંકીને પ્લેયર ઓફ ધ મેચનો ખિતાબ આપવામાં આવ્યો હતો.

ખાનગી શાળાઓમાં તોતિંગ ફી વધારા સામે "આપ"નું આવેદનપત્ર

ડોનેશન પ્રથા બંધ કરાવવા અને વાલીઓને એફઆરસી કમિટીમાં સભ્ય તરીકે સામેલ કરવાની માંગ સાથે વિરોધ પ્રદર્શન કરતા કાર્યકર્તાઓની અટકાયત

ગાંધીનગર, તા.૨૫

પ્રાઈવેટ સ્કૂલોની લૂંટ સામે વાલીઓને રક્ષણ આપવા આમ આદમી પાર્ટીએ ગાંધીનગરમાં મોરચો માંડ્યો હતો. આપ પાર્ટીના કાર્યકર્તાઓ દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું જેમાં ખાનગી સ્કૂલોનું ફી વધારો પાછો ખેંચવા વાલીઓને એફઆરસી કમિટીમાં સભ્ય તરીકે સામેલ કરવા તેમજ ખાનગી શાળાઓમાં ડોનેશન માંગવા પર પ્રતિબંધ મૂકવા અને ડોનેશન માંગનાર સામે કાર્યવાહી કરવા માંગ કરવામાં આવી છે. આ સાથે આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓએ વિધાનસભા ખાતે પણ ઘેરાવ કરવા પ્રયાસ કર્યો હતો જેના પગલે અનેક કાર્યકર્તાઓની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી.

આપ પાર્ટીના નેતાઓ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો કે "ભ્રષ્ટ ભાજપ સરકારની મિલીભગતથી ચાલતી ખાનગી શાળાઓ લૂંટ મચાવી રહી છે. સ્કૂલ ફીમાં તોતિંગ વધારા સાથે સરકારનો આદેશ હોવા છતાં પણ વિદ્યાર્થીઓને સ્કૂલ યુનિફોર્મ, બુટ-મોજાં તેમજ પુસ્તકો વગેરે માટે પણ ફરજિયાત સ્કૂલમાંથી જ ખરીદવા ફરજ પાડવામાં આવે છે. નાગરિકોને કોરોના મહામારી પછી એક તો ઓલરેડી મોંઘવારીનો માર સહન કરવો ભારે પડી રહ્યો છે. ગાંધીનગરમાં ભ્રષ્ટાચાર સામે નિર્ભય લડત આપતા આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓએ વિધાનસભાનો કર્યો ઘેરાવ કર્યો હતો. આ પ્રસંગે આપ પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજભાઈ સોરઠીયા સહિત અનેક કાર્યકર્તાઓની અટકાયત કરવામાં આવી હતી.

હાર્દિક પટેલ અખાત્રીજે મોટો ધડાકો કરે એવા સંકેત

રાજ્ય કોંગ્રેસમાં આંતરિક વિખવાદ વધુ ઘેરાયો : હાર્દિક પટેલ તાપી જિલ્લામાં યોજાયેલા કોંગ્રેસના યુવા સ્વાભિમાન સંમેલનમાં કોંગ્રેસના ખેસ વગર જ જોડાયા

અમદાવાદ, તા.૨૫

કોંગ્રેસના ગુજરાત પ્રદેશના કાર્યકારી પ્રમુખ હાર્દિક પટેલ છેલ્લા કેટલાક સમયથી એક યા બીજી રીતે કોંગ્રેસની નેતાગીરી સામે જાહેરમાં નારાજગી વ્યક્ત કરી ચૂક્યા છે. હાર્દિકના આ નિવેદનો વચ્ચે હવે એવી ચર્ચા છે કે તેઓ કોંગ્રેસનો હાથ છોડી ભાજપમાં જોડાઈ શકે છે. હાર્દિક પોતે પણ ભાજપની નેતાગીરીના વખાણ કરી ચૂક્યા છે. ગુજરાતમાં હવે વિધાનસભા ચૂંટણીને ખાસ સમય નથી રહ્યો, ત્યારે હાર્દિક પટેલ ખરેખર કોંગ્રેસ છોડશે, અને છોડશે તો ક્યારે છોડશે જેવી ચર્ચા હાલ રાજકારણમાં ચર્ચાનો વિષય બની છે. તેવામાં હવે એવું જાણવા મળી રહ્યું છે કે હાર્દિક પટેલ અખાત્રીજે આ મામલે કોઈ મોટો ધડાકો કરી શકે છે.

હાર્દિક પટેલ આજે તાપી જિલ્લામાં યોજાયેલા કોંગ્રેસના યુવા સ્વાભિમાન સંમેલનમાં સામેલ થયા હતા. તેઓ રેલીમાં પણ જોડાયા હતા, પરંતુ કોંગ્રેસના ખેસ વિના જ પક્ષના કાર્યક્રમમાં સામેલ થયેલા હાર્દિકે આ બાબતે લોકોનું ધ્યાન ખેંચ્યું હતું. હાલમાં જ હાર્દિકે પોતાનો વોટ્સએપ પ્રોફાઈલ પિક્ચર પણ ચેન્જ કર્યો છે. નવા ફોટોમાં હાર્દિક પટેલે કેસરી ખેસ ધારણ કર્યો છે, તેવામાં તેઓ ભાજપમાં ખરેખર જઈ રહ્યા છે કે કેમ તેવી અટકળો વધુ પ્રબળ બની છે. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ પાટીદાર અનામત આંદોલન દરમિયાન વિસનગરના તત્કાલિન ધારાસભ્ય અને હાલના મંત્રી એવા ઋષિકેશ પટેલની ઓફિસમાં તોડફોડ કરવાના કેસમાં સુપ્રીમે હાર્દિકને નીચલી કોર્ટે ફટકારેલી સજા પર સ્ટે આપ્યો છે. જેનાથી તેમનો ચૂંટણી લડવાનો રસ્તો સાફ થઈ ગયો છે. ખુદ હાર્દિક પટેલ પણ ચૂંટણી લડવાની ઈચ્છા જાહેર કરી ચૂક્યા છે.

પોતે કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાશે કે કેમ તે સવાલનો જવાબ આપતા હાર્દિકે શુક્રવારે એવું નિવેદન આપ્યું હતું કે તેનો ભાજપમાં જોડાવાનો કોઈ ઈરાદો નથી. જો તે આવો કોઈ રાજકીય નિર્ણય લેશે, તો તેની જાણ ચોક્કસ કરશે. જો પ્રજાના હિતમાં તેમ કરવું પડે તો તેની જાહેરાત કરતા પોતાને કોઈ ખચકાટ નહીં થાય. હાર્દિકે તો ત્યાં સુધી કહ્યું હતું કે તેના દરેક નિર્ણયમાં લોકોનું હિત પહેલા હોય છે. ૨૦૧૯માં થયેલી લોકસભા ચૂંટણી લડવા માટે પણ હાર્દિકે તમામ પ્રયાસ કર્યા હતા.

હાઈ-બોન્ડ સિમેન્ટ ફેક્ટરીમાં અકસ્માત : ૩ કામદારનાં મોત

ગોંડલમાં સિમેન્ટની ફેક્ટરીમાં દુર્ઘટના : ફેક્ટરીમાં અકસ્માત કઈ રીતે સર્જાયો તેનું કારણ સામે આવ્યું નથી અને તે અંગે તપાસ કરવામાં આવી રહી છે

રાજકોટ, તા.૨૫

રાજકોટ જિલ્લાના ગોંડલમાં સિમેન્ટ ફેક્ટરીમાં બનેલી અકસ્માતની ઘટનામાં ૩ કામદારોના મોત થઈ ગયા છે. રિપોર્ટ્સ મુજબ હાઈ-બોન્ડ સિમેન્ટની ફેક્ટરીમાં અકસ્માતની ઘટના બની છે. વહેલી સવારે બનેલી ઘટનામાં કામદારોના મોત થઈ ગયા હતા. જોકે, આ અકસ્માત કઈ રીતે સર્જાયો તેનું કારણ સામે આવ્યું નથી અને તે અંગે તપાસ કરવામાં આવી રહી છે. આ સાથે મૃતકોના પરિવારજનોનો પણ સંપર્ક કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ઘટનામાં બે ૨૦ વર્ષની આસપાસના અને એક ૩૩ વર્ષના કામદારનું મોત થયું છે. કામદારોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે પણ મોકલવામાં આવ્યો છે. મળતી વિગતો પ્રમાણે આજે વહેલી સવારે જ્યારે કામદારો સિમેન્ટ ફેક્ટરીમાં કામ કરી રહ્યા હતા ત્યારે અચાનક અકસ્માત સર્જાયો હતો અને તેમાં વારાફરથી ત્રણ કામદારોના મોત થઈ ગયા હતા. કેમિકલ બેંકમાં વેલ્ડિંગ કરતી વખતે અકસ્માત સર્જાયો હોવાનું ચર્ચાઈ રહ્યું છે જોકે, આ અંગે સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી અને ઘટના અંગે પોલીસ સહિતની ટીમો દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. પોસ્ટમોર્ટમના રિપોર્ટના આધારે પણ અકસ્માતનું કારણ જાણવા મળી શકે તેવી શક્યતાઓ છે.

સિમેન્ટ ફેક્ટરીમાં કામ કરતી વખતે સર્જાયેલા અકસ્માતમાં રાહુલ પંપાણિયા (૨૨), હમીરભાઈ સોલંકી (૨૫) અને શિવધારાભાઈ વિશ્વકર્મા (૩૩)નું મોત થઈ ગયું છે. અકસ્માત બાદ એક કામદારાનું ઘટના સ્થળ પર જ મોત થઈ ગયું જ્યારે બીજા એક કામદારનું હોસ્પિટલ પહોંચતા પહેલા અને ત્રીજાનું સારવાર દરમિયાન મોત થયું હોવાની વિગતો મળી રહી છે. આ યુવાનોના મોતથી ફેક્ટરીના અન્ય કામદારોમાં ઘટના અંગે ચર્ચાઓ શરુ થઈ ગઈ છે.

રાજ્યમાં શ્વાન, ગાયો અને ભેંસોમાં જોવા મળ્યો કોરોના

અભ્યાસમાં ૯૫ પ્રાણીઓનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો : બાયોટેક્નોલોજી રિસર્ચ સેન્ટર-કામધેનુ યુનિ.ના સંશોધકોએ મળીને પ્રાણીઓમાં કોરોનાના સંદર્ભમાં અભ્યાસ હાથ ધર્યો

ગાંધીનગર,તા.૨૫

માર્ચ ૨૦૨૦માં જ્યારે કોરોનાના પ્રથમ બે કેસ સામે આવ્યા ત્યારથી ગુજરાતમાં આ વાયરસે હાહાકાર મચાવી દીધો હતો. પ્રાપ્ત જાણકારી અનુસાર ગુજરાતમાં આ મહામારીને કારણે ૧૧,૦૦૦ લોકોએ જીવ ગુમાવ્યા છે જ્યારે ૧૨ લાખથી વધારે લોકો આનાથી સંક્રમિત થયા હતા. તેમાં પણ કોરોનાની બીજી લહેર વખતે રાજ્યભરમાં લોકોએ ખૂબ હાલાકીનો સામનો કરવો પડ્યો. પરંતુ અત્યારે પ્રશ્ન એ છે કે શું આ વાયરસ પ્રાણીઓમાં પણ ફેલાઈ શકે છે? તાજેતરમાં જ ગુજરાતમાં કરવામાં આવેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું કે, શ્વાન, ગાય અને ભેંસમાં કોરોના વાયરસનું સંક્રમણ જોવા મળ્યું છે. જો કે અભ્યાસમાં ખુલાસો કરવામાં આવ્યો છે કે, એ વાતનો કોઈ પૂરાવો નથી મળી શક્યો કે કોરોના સંક્રમિત પ્રાણી કેરિયર બની શકે, એટલે કે તેમના કારણે માણસોમાં સંક્રમણ ફેલાય. એવુ જાણવા મળ્યું કે, શક્ય છે કે કોરોના સંક્રમિત વ્યક્તિના સંપર્કમાં આવવાને કારણે આ પ્રાણીઓ પણ સંક્રમિત થયા હોઈ શકે. ઉલ્લેખનીય છે કે કામધેનુ યુનિવર્સિટીના અરુણ પટેલ તેમજ અન્ય લોકો, ગુજરાત બાયોટેક્નોલોજી રિસર્ચ સેન્ટરના ડિનેશ કુમાર અને અન્ય સાથીઓ દ્વારા કરવામાં આવેલા આ અભ્યાસની પ્રિ-પ્રિન્ટ તાજેતરમાં જ ઓનલાઈન ઉપલબ્ધ કરવામાં આવી છે. સંશોધન કરવા માટે ૪૧૩ પ્રાણીઓના રેક્ટર સેમ્પલ લેવામાં આવ્યા હતા, જેમાંથી ૧૯૫ શ્વાન, ૬૪ ગાયો, ૪૨ ઘોડા, ૪૧ બકરીઓ, ૩૯ ભેંસ, ૧૯ ઘેટા, ૬ બિલાડીઓ, ૬ ઊંટ અને ૧ વાંદરો સામેલ હતા. આ નમૂના અમદાવાદ, આણંદ, ગાંધીનગર, બનાસકાંઠા, પાટણ, કચ્છ અને મહેસાણાથી એકઠા કરવામાં આવ્યા હતા. માર્ચ, ૨૦૨૨માં અંતિમ નમૂનો મેળવવામાં આવ્યો હતો.

અભ્યાસમાં કહેવામાં આવ્યું છે કે, તમામ નમૂનાઓમાંથી ૨૪ ટકા એટલે કે ૯૫ પ્રાણીઓ સંક્રમિત જોવા મળ્યા હતા, જેમાં ૬૭ શ્વાન, ૧૫ ગાયો અને ૧૩ ભેંસો છે. રેક્ટલ સેમ્પલની સરખામણીમાં નાકમાંથી લેવામાં આવેલા સેમ્પલનું પરિણામ પ્રમાણમાં વધારે સારુ હતું. એક કોરોના પોઝિટિવ શ્વાનના સેમ્પલનું સિક્વન્સિંગ કરવામાં આવ્યું તો જાણવા મળ્યું કે તે ડેલ્ટા વેરિયન્ટ (B.1.617.2)નો શિકાર હતો.

વરઘોડામાં DJ વગાડવા બાબતે બે જૂથો વચ્ચે પથ્થરમારો થયો

ખેડાના ઠાસરામાં આવેલા ઢુંડી ગામની ઘટના : પથ્થરમારાની આ ઘટના બાદ સમગ્ર ગામમાં તંગદિલી છવાઈ : પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો

ખેડા, તા.૨૫

ઠાસરાના ઢુંડી ગામમાં બે જૂથ વચ્ચે પથ્થરમારો થયા બાદ સન્નાટો છવાયો છે. એક જ ધર્મના બે જૂથ વચ્ચે પહેલાં બોલાચાલી થઈ હતી. આ બોલાચાલી ઉગ્ર બનતા પથ્થરમારો થયો હતો. વરઘોડામાં ઢ્ઢલ વગાડવાની નજીવી બાબતે બે જૂથ સામ સામે આવી ગયા હતા. જે બાદ ભારે પથ્થરમારો થયો હતો. પથ્થરમારાની આ ઘટના બાદ સમગ્ર ગામમાં તંગદિલી છવાઈ હતી. જાણ થતાં પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો. પોલીસે આ મામલે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. તો પોલીસે પથ્થરમારો કરનારા કેટલાંક તત્વોની અટકાયત પણ કરી છે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, ખેડા જિલ્લામાં આવેલા ઠાસરાના ઢુંડી ગામમાં આજે બે જૂથ સામ સામે આવી ગયા હતા. એક જ ધર્મના બે જૂથ વચ્ચે પહેલાં બોલાચાલી થઈ હતી. બોલાચાલી ઉગ્ર થતા સામ સામે ભારે પથ્થરમારો થયો હતો. ચૂંટણીની જૂની અદાવતમાં આ પથ્થરમારો થયો હોવાનું સામે આવ્યો છે. પથ્થરમારા બાદ સમગ્ર ગામમાં તંગદિલી છવાઈ છે. જાણ થતાં પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો. બાદમાં પોલીસે પથ્થરમારો કરનારા કેટલાંક તત્વોની અટકાયત પણ કરી છે.

એવી પણ વિગતો સામે આવી છે કે, થોડા મહિનાઓ પહેલાં અહી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાઈ હતી. આ ગ્રામ પંચાયતની ચૂંટણી દરમિયાન ગામના કેટલાંક લોકો વચ્ચે તકરારો થઈ હતી. જો કે, એ સમયે બંને જૂથ વચ્ચે કોઈ ઝઘડો કે ઉગ્ર વિવાદ થયો નહોતો. બસ, આ વાતની અદાવતમાં આજે પથ્થરમારો થયો હતો. આજે ગામમાં જવારાનો વરઘોડો નીકળ્યો હતો. ત્યારે ઢ્ઢલ વગાડવાની નજીવી બાબતે બંને જૂથ સામ સામે આવી ગયા હતા. ઉગ્ર વિવાદ થયા બાદ બંને જૂથ વચ્ચે ભારે પથ્થરમારો થયો હતો.

ઢુંડી ગામમાં પથ્થરમારો થયો હોવાની જાણ ઠાસરા પોલીસને કરવામાં આવી હતી. જે બાદ ઉચ્ચ અધિકારીઓ સહિત પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો. પોલીસે ગામમાં પહોંચીને પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. પોલીસે બંને પક્ષ તરફથી ફરિયાદ લેવાની તજવીજ હાથ ધરી હતી. સાથે જ પોલીસે કેટલાંક તોફાની તત્વોની પણ અટકાયત કરી છે.

વાવણી કરશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાખીને વનતંત્ર દ્વારા થોડા ઘણાં લીમડા ઉપરાંત દેશી કણજી, કરંજ ગરમાળા સહીતના નવા રોપાઓની વાવણી કરાશે. જયારે નવા રોપાઓની વાવણી બાદ તેના યોગ્ય ઉછેર સંદર્ભે પણ વિશેષ કાળજી રાખવા માટે પણ વનતંત્રએ તુટેલી ફેન્સીંગ યોગ્ય કરવા માટે પણ કાર્યયોજના તૈયાર કરી દેવામાં આવી છે. નવા રોપાઓને ચોમાસા બાદ પણ પાણી મળી રહે તેમજ રખડતા ઢોર પણ તેને નુકશાન ન કરે તેને અનુલક્ષીને પણ વનતંત્રએ ફેન્સીંગનુ કામ હાથ ધરવામાં આવશે. દરવર્ષે ચોમાસા દરમિયાન નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે જો કે ક્યારેક વરસાદ ખેંચાય તો તેવા સંજોગોમાં વાવણીની પ્રક્રીયા પણ વિલંબમાં પડે છે.

બંધ કરાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મહેસાણા-કલોલ-મહેસાણા પીક અપથી ડાબી બાજુ વળી શનિદેવ મંદિર રોડ-ઉવારસદ બ્રિજ પાસેથી ડાબી બાજુ વળી-ઉવારસદ બ્રિજ પાસેથી ડાબી જમણી બાજુ વળી-બાલાપીર સર્કલ તરફ ડાયવર્ટ કરવા

(૨) અમદાવાદથી મહેસાણા જનાર તમામ ટ્રાફિક નીચે જણાવેલ રૂટ પર ડાયવર્ટ કરવો.

ઝુંડાલ-સર્કલ-વાયા વૈષ્ણોદેવી સર્કલથી જમણી બાજુ વળી-એસ.જી. આઈવે થઈ-મહારાજા હોટલ સામેના કટથી ડાબી બાજુ વળી-મહેસાણા પીક અપ તરફ ડાયવર્ટ કરવા

(૩) અડાલજ બ્રિજ ઉપરથી મહેસાણા અને બાલાપીર સર્કલ તરફ જતા તમામ કટ બંધ કરવા

સ્થાનિક રહીશોના વાહનો, એમ્બ્યુલન્સ તથા ફરજ પરના સરકારી અધિકારીઓ/કર્મચારીઓના વાહનો આ જોગવાઈને લાગુ પડશે નહીં.

ડ્રગ્સ પકડાયું

● અનુસંધાન પહેલાનું ચાલુ

મોટી કાર્યવાહી કરતા ૨૮૦ કરોડ રૂપિયાની કિંમતનું ૫૬ કિલો ડ્રગ્સ જપ્ત કરાયુ છે. ભારતીય કોસ્ટગાર્ડની મદદથી ગુજરાત છ્જી એ મોટું ઓપરેશન પાર પાડ્યુ છે. પ્રાપ્ત માહિતી અનુસાર, કરાંચીથી અલહજ નામની બોટ આવતી હતી, જેની તપાસ કરવામાં આવતા ડ્રગ્સના જથ્થા સાથે ૯ આરોપીની ધરપકડ કરાઈ છે. બોટમાં હેરોઈન હોવાની માહિતી મળી હતી. આંતરરાષ્ટ્રીય જળ સીમા કચ્છ પાસેથી ફરી ડ્રગ્સ જપ્ત કરાતા પોલીસ તંત્ર સાબદુ થઈ ગયુ છે. યુવાનોને બરબાદ કરવાના ષડયંત્રનો પર્દાફાશ થયો છે. આ પહેલીવાર નથી કે ગુજરાતમાં ડ્રગ્સ પકડાયુ છે. આ સિવાય કચ્છના દરિયે તથા ગુજરાતના અનેક શહેરોમાં નશાનો કાળો કારોબાર ચાલી રહ્યો છે. ગુજરાતમાં મોટાપાયે ડ્રગ્સ ઘૂસાડવાનું ષડયંત્ર ચાલી રહ્યું છે.

આક્ષેપ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાત મને પાણી આપવામાં આવ્યુ નહીં. નવનીત રાણાએ આગળ મોટો આરોપ લગાવતા કહ્યુ કે ઘટના સ્થળ પર હાજર પોલીસ સ્ટાફે કહ્યુ કે હુ અનુસૂચિત જાતિની છુ. તેથી તેઓ મને તે ગ્લાસમાં પાણી આપી શકે નહીં. જેમાં તે લોકો પાણી પીએ છે. એટલે કે મને મારી જાતિના કારણે પીવા માટે પાણી પણ આપવામાં આવ્યુ નહીં. હુ એ જોર આપીને કહેવા ઈચ્છુ છુ કે મારી જાતિના કારણે મને બુનિયાદી માનવાધિકારોથી વંચિત રાખવામાં આવી. નવનીત આગળ કહે છે કે મારે રાતે બાથરૂમ જવુ હતુ, પરંતુ પોલીસ સ્ટાફે મારી આ માગ પર પણ કોઈ ધ્યાન આપ્યુ નહીં. અને મને ગાળ આપવામાં આવી. કહ્યુ કે નીચી જ્ઞાતિ વાળાને તે બાથરૂમ ઉપયોગ કરવા દેતા નથી. નવનીતે લોકસભા સ્પીકરને લખેલા પત્રમાં કહ્યુ કે ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વમાં ચાલી રહેલી શિવસેના સરકાર પોતાના હિંદુત્વના સિદ્ધાંતોથી સમગ્ર રીતે ભટકી ચૂકી છે. આ લોકો જનતાનો વિશ્વાસ તોડવાનો પ્રયાસ કરી રહ્યા છે. જેના આધારે તેઓ સત્તામાં આવ્યા.

સા. આફ્રિકાથી સાયન્સ સિટી આવેલા પેંગ્વિનને ફાવી ગયું અમદાવાદનું પાણી

મુલાકાતીઓ માટે બન્યા શોસ્ટોપર્સ : પેંગ્વિન હવે લગભગ બે વર્ષના થઈ ગયા છે અને તેમનું વજન ૩.૨ કિલો છે, તેનો વિકાસ તેમના સ્વાસ્થ્યનું પ્રતિબિંબ દર્શાવે છે

અમદાવાદ,તા.૨૫

પુમ્બા, ટિમોન, નિમો, સ્વેન અને મુશુએ અમદાવાદના સાયન્સ સિટીની સુંદર અને શાંત એક્વેટિક ગેલેરીમાં ખુશીથી અનુકૂલન સાધી લીધું છે. પેંગ્વિન તેમના મૂડ પ્રમાણે સ્થાન બદલતા રહે છે. અહીંયા

તેઓ તેમના સમયનો આનંદ લઈ રહ્યા છે. તેઓ દરરોજના આશરે ૧ હજાર લોકો માટે ગેલેરીના શોસ્ટોપર્સ છે. આ જળચર પક્ષીઓને દક્ષિણ આફ્રિકામાં તેમના નિવાસસ્થાનથી સાયન્સ સિટીમાં ખસેડાયા તેને લગભગ છ મહિના જેટલો સમય થઈ ગયો છે. તેઓ હવે ૨૫મી એપ્રિલના રોજ ઉજવવામાં આવતા વર્લ્ડ પેંગ્વિન ડેના સ્ટાર્સ હશે. સાઉથ આફ્રિકાથી સાયન્સ સિટીમાં લાવ્યા બાદ તેઓ ૪૦ દિવસ માટે ક્વોરન્ટાઈનમાં હતા. કારણ કે, આ સમયગાળો તેમના માટે નવા વાતાવારણને અનુરૂપ થવા માટે મહત્વનો હતો. પેંગ્વિન હવે લગભગ બે વર્ષના થઈ ગયા છે અને તેમનું વજન ૩.૨ કિલો છે. તેનો વિકાસ તેમના સ્વાસ્થ્યનું પ્રતિબિંબ દર્શાવે છે. આ આફ્રિકન પેંગ્વિનને કેપ પેંગ્વિન તરીકે પણ ઓળખવામાં આવ્યા છે, જેઓ સામાન્ય રીતે દિવસમાં ત્રણ વખત મેકરલ અને સાર્ડીન (એક પ્રકારની માછલી) ખાય છે. તેમનું પ્રદર્શન ખાસ કરીને તેમના ટાઈમ ઝોન તેમજ ૮-૨૦ ડિગ્રી સેલ્સિયસના નિષ્ક્રિય તાપમાનને જાળવવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે. લાઈટિંગ સિસ્ટમ તેમના મૂળ દેશ, સાઉથ આફ્રિકા સાથે કનેક્ટેડ છે. પેંગ્વિનનું નિયમિત માસિક મેડિકલ ચેકઅપ કરવામાં આવે છે અને પાણીની પણ સંપૂર્ણ તપાસ કરવામાં આવે છે. પેંગ્વિનની હેલ્થ પર નજર રાખવા માટે તેમને ટેગ નંબર પણ આપવામાં આવ્યા છે. અગાઉ સાયન્સ સિટીના એક અધિકારીએ જણાવ્યું હતું કે, "પેંગ્વિનો માત્ર ઠંડા વાતાવરણમાં જ જીવતાં રહી શકે છે તેવી ગેરમાન્યતા પ્રવર્તે છે. આ વાત માત્ર એન્ટાર્કટિકાની પેંગ્વિનની પ્રજાતિ માટે જ સાચી છે. આફ્રિકાના પેંગ્વિન ટેમ્પરેચર ક્લાઈમેટમાં રહી શકે છે અને અહીં એક્વેરિયમ ખાતે અમે તેમના રહેઠાણનું તાપમાન ૧૮ ડિગ્રી સેલ્સિઅસની આસપાસનું રાખી રહ્યા છીએ. સાયન્સ સિટીની એક્વેટિક ગેલેરીમાં લાવવામાં આવેલા પેંગ્વિનની પ્રજાતિ સામાન્ય રીતે દક્ષિણ આફ્રિકામાં જ જોવા મળે છે. જોકે, તેમને કાળજી અને યોગ્ય દેખરેખ મળે તો વિશ્વના કોઈપણ ખૂણામાં ઉછેરી શકાય છે. આફ્રિકન પેંગ્વિનની વસ્તી ઝડપથી ઘટી રહી છે અને લુપ્ત થવાનું જોખમ તોળાઈ રહ્યું છે. ૨૦૨૬ સુધીમાં આફ્રિકન પેંગ્વિનની પ્રજાતિ લુપ્ત થઈ જશે તેવું અનુમાન છે.